"NAND ICON" એ નામની યોજનામાં Tower No. _____ માં ____ Floor માં આવેલ Shop/Flat No. ______ વાળી મિલ્કતનો વેચાણ દસ્તાવેજ રૂા. ___ _____/- અંકે રૂપીયા ______________________________ પુરાનો.

આજરોજ તા.   –   –૨૦૨૧ ના રોજ:–

વેચાણ દસ્તાવેજ લખી લેનાર/વેચાણ રાખનાર :–

____________________________, (PAN No. __________) ઉ.વ. _____ વર્ષ, ધંધો–નોકરી/વેપાર/ખેતી, રહે. ______________________________________.

(જેમને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં તમો વેચાણ દસ્તાવેજ લખી લેનાર, મિલ્કત વેચાણ રાખનાર, એ રીતે સંબોધવામાં આવશે, જેના અર્થમાં તમો પોતે તથા તમારા વંશ, વાલી, વારસો, ઈત્યાદીનો સમાવેશ થાય છે) તે તમો એકતરફવાળા.

–: તથા :–

વેચાણ દસ્તાવેજ લખી આપનાર/જમીન માલિક :–

(૧) **વ્યાસ બાલુભાઈ ધીરજરામ,** (PAN No. AAWPV3324J) ઉ.વ. ૭૯ વર્ષ, ધંધો–ખેતી, રહે. ૧૧૮, ચાણકયપુરી, બીલ, વડોદરા.

(૨) **વ્યાસ અશ્વિનકુમાર ધીરજરામ,** (PAN No. AGDPV0698N) ઉ.વ. ૭૩ વર્ષ, ધંધો–ખેતી, રહે. ચાણકયપુરી ફળીયુ, બીલ, વડોદરા.

(૩) **વ્યાસ નિરંજનાબેન બાલુભાઈ,** (PAN No. AMXPV5730F) ઉ.વ. ૭૨ વર્ષ, ધંધો–ખેતી/ઘરકામ, રહે. સી/૩, વટપ્રદ ડુપ્લેક્ષ, પ્રમુખ સ્વામી હોસ્પિટલ પાસે, અટલાદરા–તાંદલજા રોડ, અટલાદરા, વડોદરા.

(૪) **વ્યાસ દેવાંગભાઈ બાલુભાઈ,** (PAN No. AEQPV4097L) ઉ.વ. ૫૧ વર્ષ, ધંધો–ખેતી/નોકરી, રહે. બ્રાહ્મણ ફળીયુ, બીલ, વડોદરા.

(૫) **વ્યાસ રાજેશભાઈ બાલુભાઈ,** (PAN No. AGFPV8637B) ઉ.વ. ૪૭ વર્ષ, ધંધો–ખેતી/નોકરી, રહે. ૨૪૦, શરદ નગર, આઈ.ટી.આઈ. પાસે, તરસાલી, વડોદરા.

(૬) **વ્યાસ ધર્મિષ્ઠાબેન ભાલચંદ્ર,** (PAN No. BEPPV7990L) ઉ.વ. ૬૪ વર્ષ, ધંધો–ખેતી, રહે. બ્રાહ્મણ ફળીયુ, બીલ, વડોદરા.

(૭) **વ્યાસ જીગ્નેશભાઈ ભાલચંદ્ર,** (PAN No. AGXPV0211B) ઉ.વ. ૪૦ વર્ષ, ધંધો–ખેતી/નોકરી, રહે. બ્રાહ્મણ ફળીયુ, બીલ, વડોદરા.

(૮) **વ્યાસ જૈમીનકુમાર ભાલચંદ્ર,** (PAN No. AGDPV0694A) ઉ.વ. ૩૭ વર્ષ, ધંધો–ખેતી/નોકરી, રહે. બ્રાહ્મણ ફળીયુ, બીલ, વડોદરા.

(જેમને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં અમો વેચાણ દસ્તાવેજ લખી આપનાર, એ રીતે સંબોધવામાં આવશે, જેના અર્થમાં અમો પોતે તથા અમારા વંશ, વાલી, વારસો, ઈત્યાદીનો સમાવેશ થાય છે) તે અમો બીજીતરફવાળા.

–: તથા :–

સંમતી આપનાર/ડેવલોપર્સ :–

રાજુભાઈ નાનુભાઈ ભરવાડ તે Shreedhar Developers નામના ધંધાના પ્રોપરાઈટર/માલિક, ઉ.વ. ૪૯ વર્ષ, ધંધો–ખેતી/વેપાર, રહે. ૯, નીલકંઠ પાર્ક સોસાયટી, અટલાદરા, વડોદરા. (PAN No. AGLPB3350P) (જેમને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં અમો **સંમતી આપનાર/કન્ફરમીગ પાર્ટી** એ રીતે સંબોધવામાં આવશે. જેના અર્થમાં અમો સંમતી આપનાર પોતે જાતે તથા અમારી હયાતી કે ગેરહયાતી બાદ અમારા વંશ, વાલી, વારસો, ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે) તે

અમો ત્રીજીતરફવાળા વચ્ચે આ વેચાણ દસ્તાવેજ કરવામાં આવે છે. જેની વિગતો તથા શરતો નીચે મુજબ છે.

૧. રજી. ડીસ્ટ્રીકટ વડોદરા, સબ ડીસ્ટ્રીકટ વડોદરાના મોજે–બીલની સીમનાં બ્લોક/સરવે નં. ૫૩૧ વાળી જમીન આવેલી છે. જેનો જુનો સર્વે નં. ૭૨૩ છે. જેનો ખાતા નં. ૩૬ છે. જેનું ગામ નમુના નં. ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ ૦–૭૬–૮૯ હે–આરે–ચો.મી. એટલે કે ૭,૬૮૯ ચો.મી. છે. જેનો સુચિત ટી. પી. સ્કિમ નં. ૨૭/એ માં સમાવેશ થતાં ફા. પ્લોટ નં. ૬૬ ફાળવવામાં આવેલો છે. તે ફા. પ્લોટ નં. ૬૬ મુજબ સદર જમીનનું માપ ૪,૬૧૩ ચો.મી. છે. જેનુ વિગતવાર વર્ણન આ સાથેના પરીશીષ્ટમાં સામેલ છે. તે જમીન અમો લખી આપનારા/બીજીતરફવાળાની સંયુક્ત માલિકી, કબજા–ભોગવટાની છે. અને તે હાલ પંચાયત દફ્તરે/સરકાર દફ્તરે અમારા નામ પર ચાલે છે. અને તેનો અમોને અમારી મરજી મુજબ વાપર, ઉપભોગ, ઉપયોગ, વહીવટ કરવા અમોને સંપૂર્ણ હક્ક અને અધિકાર છે. તે હક્ક અને અધિકારની રૂએ સદર જમીન અંગે અમો બીજીતરફવાળાએ સદર વેચાણ દસ્તાવેજમાં સંમતી આપનાર તરીકે જોડેલાં ત્રીજીતરફવાળાને કરાર કરી આપેલ છે. જે કરાર મે. સબ–રજીસ્ટ્રારશ્રી, વડોદરા–૩ (અકોટા) ની કચેરીમાં તા. ૧૧–૦૮–૨૦૨૧ ના રોજ અનુ. નં. ૧૪૨૫૩ થી નોંધાયેલ છે. આમ, અમો બીજીતરફવાળાએ ત્રીજીતરફવાળાના લાભમાં સદરહું જમીનનો કરાર કરી આપેલ હોઈ તેઓને સદર વેચાણ દસ્તાવેજમાં સંમતી આપનાર/ત્રીજીતરફવાળા તરીકે જોડેલાં છે. તેમજ અમો બીજીતરફવાળાએ ત્રીજીતરફવાળાને કરી આપેલ કરાર અન્વયે અમો બીજીતરફવાળાને ત્રીજીતરફવાળા પાસેથી અમારી માલિકીની જમીન પેટેનો અવેજ મળી ગયેલો છે.

૨. સદરહું જમીનનો બીનખેતીના હેતુ માટે વાપર, ઉપયોગ, ઉપભોગ કરવા માટે મે. કલેકટરશ્રી, વડોદરાનાએ તેઓના હુકમ નં. 725/19/02/043/2021 થી તા. ૨૭–૦૭–૨૦૨૧ ના રોજ બીનખેતીની પરવાનગી આપેલ છે. ત્યારબાદ સદરહું જમીનમાં બાંધકામ કરવા અંગે વડોદરા મહાનગરપાલિકા તરફથી જરૂરી પરવાનગી તા. ૧૮–૦૮–૨૦૨૧ ના રોજ વિકાસ પરવાનગી/રજાચિઠ્ઠી નં. વોર્ડ–૬/SHB-૪૪/૨૦૨૧–૨૦૨૨ થી આપવામાં આવેલ છે. જે અંગેનો તમામ ખર્ચ ત્રીજીતરફવાળાએ ભોગવેલો છે. સદર વિકાસ પરવાનગી આધારે ત્રીજીતરફવાળાએ અમો બીજીતરફવાળાની સંયુક્ત માલિકી, કબજા–ભોગવટાની જમીનમાં **"NAND ICON"** એ નામની રહેણાંક તથા કોમર્શીયલ યોજનાનું આયોજન કરેલું છે. તે યોજનાના **Tower No. ______** માં **______Floor** માં આવેલ **Shop/Flat No. _______** વાળી મિલ્કત સંપુર્ણ બાંધકામ સાથે અમો બીજીતરફવાળા અને ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળાને સદર વેચાણ દસ્તાવેજથી કાયમના માટે વેચાણ આપેલી છે. જેનું વિગતવાર વર્ણન આ સાથેના પરિશીષ્ટમાં સામેલ છે.

૩. સદરહું આ સાથેના પરીશીષ્ટમાં જણાવેલ વર્ણનવાળી મિલ્કત/**Shop/Flat No. ______**વાળી મિલ્કત અમો બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળાને રૂા. __________/– અંકે રૂપીયા ________________________ ________________ પુરામાં વેચાણ આપેલ છે. સદર વેચાણ અવેજની રકમ અમો ત્રીજીતરફવાળા અને તમો એકતરફવાળા વચ્ચે નક્કિ થયેલ શરતો–સ્પષ્ટતાઓ મુજબ રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ–૨૦૧૬ ની જોગવાઈઓને આધીન રહીને સરકારશ્રી તરફથી ઉપલબ્ધ જંત્રીના દરોને ધ્યાનમાં રાખીને નક્કિ કરવામાં આવેલ છે. તે સંપુર્ણ અવેજની

રકમ તમો એકતરફવાળાએ સદર વેચાણ દસ્તાવેજમાં સંમતી આપનાર તરીકે જોડેલાં ત્રીજીતરફવાળાને ચુકવેલી છે. કારણ કે અમો બીજીતરફવાળાને સદર વેચાણ દસ્તાવેજમાં સંમતી આપનાર તરીકે જોડેલાં ત્રીજીતરફવાળા પાસેથી તેઓના લાભમાં અમો બીજીતરફવાળાએ અમારી સંયુક્ત માલિકી, કબજા–ભોગવટાની જમીન બાબત કરી આપેલ કરાર મુજબ અમારી માલિકીની જમીનની અવેજની રકમ મળી ગયેલ છે. તેથી સદરહું મિલ્કતની સંપુર્ણ વેચાણ અવેજની રકમ અમો બીજીતરફવાળાની સંમતીથી ત્રીજીતરફવાળાને તમો એકતરફવાળા પાસેથી નીચેની વિગતે મળેલ છે.

રકમ રૂ.	**તારીખ**	**ચેક નં.**	**બેંકનું નામ**
રૂ. /–	**કુલ રૂપિયા ____________________ પુરા.**		

આમ, અમો સંમતી આપનાર ત્રીજીતરફવાળાને તમો એકતરફવાળા પાસેથી ઉપર પ્રમાણે વેચાણનો સંપુર્ણ અવેજ મળી ગયેલો છે. અને સદરહું મિલ્કતના વેચાણ અવેજ પેટે બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળાએ હવે પછી બીજી કોઈ રકમ તમો એકતરફવાળા પાસેથી લેવાની રહેતી નથી. ઉપર પ્રમાણે ચુકવેલ અવેજના બદલામાં ઉપરોકત મિલ્કતનો પ્રત્યક્ષ કબજો તમો એકતરફવાળાને આજરોજ સોંપેલ છે. જે તમો એકતરફવાળાએ સંભાળી પણ લીધેલો છે. પરંતુ, ઉપરોક્ત વેચાણ અવેજ પૈકી કોઈપણ ચેક સ્વિકારાયા વગર પરત ફરે તો સદર વેચાણ દસ્તાવેજ આપોઆપ રદ્દ બાતલ ગણાશે અને સદર વેચાણ દસ્તાવેજનો કોઈપણ જાતનો અમલ તમો એકતરફવાળા અમો બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળા પાસેથી કરાવી શકશો નહિં. તેવી સ્પષ્ટતા અને શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ અમો બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળાને કરી આપેલ છે.

૪. સદર આ સાથેના પરીશીષ્ટમાં જણાવેલ વર્ણનવાળી મિલ્કત તથા તેને લાગતા વળગતા તમામ પ્રકારના હક્કો સાથે તથા તેને લાગતા વળગતા સર્વે પ્રકારના હક્કો સાથે તેમજ તેમાં જવા–આવવાના, પાણીના નિકાલ સહના તમામ પ્રકારના હક્કો સાથે તમો એકતરફવાળાને વેચાણ આપેલી છે. અને તેથી સદરહું મિલ્કતના આજથી તમો એકતરફવાળા તથા તમારા વંશ, વાલી, વારસો, સ્વતંત્ર માલીક અને કબજેદાર થયેલાં છો. તેમજ તે મિલ્કતનો માલીકી હક્કે વાપર, ઉપભોગ, ઉપયોગ કરવા તથા તે મિલ્કત વેચાણ, ગીરો, બક્ષીસ યા ઈતર બીજી કોઈ રીતે તબદીલ કરવા તેમજ તે મિલ્કતનો વહીવટ/વ્યવસ્થા કરવા તમો એકતરફવાળા હક્કદાર અને અધિકારી થયા છો.

૫. સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ મિલકતના માલીક તરીકે જરૂરી રેવન્યુ રેકર્ડ, સરકારી–અર્ધ સરકારી કચેરીઓ, મધ્ય ગુજરાત વીજ કં. લિ. વિગેરેમાં તમો લખી લેનારા સદર વેચાણ આપેલ મિલ્કત તમારા નામે નામફેર કરવા–કરાવવા હક્કદાર અને અધિકારી છો. તે અંગે અમો બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળા જરૂરી તમામ સહી–સંમતીઓ કરી આપીશું અને તેવી તમામ સહી–સંમતીઓ કરી આપવા અમો બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળા બંધાયેલા છીએ. વધુમાં, તમો એકતરફવાળાએ વીજળી બીલ, જી.એસ.ટી. સહીતનો સર્વિસ ટેક્ષ, રેવન્યુ રેકર્ડમાં નામફેર કરવાનો ખર્ચ, કોર્પો. ટેક્ષ વિગેરે

નીયત દરો મુજબ જે કાંઈ ભરવાના છે તે ભરપાઈ કરવાની તમામ જવાબદારીઓ તમો એકતરફવાળાની છે અને રહેશે. સદર વેચાણ દસ્તાવેજનો સ્ટેમ્પ, નોધણી ફી, લખાઈ ફી વિગેરેનો તમામ ખર્ચ તમો એકતરફવાળાએ ભોગવેલો છે.

૬. સદરહું યોજનાના અન્ય સભાસદો/મેમ્બર્સ તથા ત્રીજીતરફવાળા/ડેવલપર્સ ભેગા મળી સદરહું **"NAND ICON"** નામની યોજના કે તેમાં થનાર કે થયેલ બાંધકામના વહીવટ તથા વ્યવસ્થા માટે જો કોઈ એસોસીએશન અથવા મંડળ કે સોસાયટીની રચના કરે તો તેમાં તમો એકતરફવાળા/વિચાણ રાખનારે ફરજીયાતપણે સભાસદ થવાનું છે. અને તે અંગેની પ્રવેશ ફી, સભ્ય ફી તથા વરાડે પડતા મેઈન્ટેનન્સ ફી, ડીપોઝીટ તથા વાર્ષિક મેઈન્ટેનન્સ અથવા કોમન મેઈન્ટેનન્સ ડીપોઝીટ ભરવાની થાય તે પણ તમો એકતરફવાળાએ ઈલાયદી/અલગથી ભરવાની છે અને રહેશે. સદર યોજનામાં આવેલ કોમન પ્લોટ, રોડ-રસ્તા, પાણીના પંપ, લાઈટ, વિગેરે કોમન સગવડો તમો વેચાણ લેનાર/એકતરફવાળા તથા યોજનાના અન્ય મેમ્બર્સ/માલીકોની સંયુકત માલકીની રહેશે અને તેની જાળવણી, મરામત વિગેરેનો ખર્ચ પણ તમો એકતરફવાળાએ તથા અન્ય સભાસદો/મેમ્બર્સે પોતાની માલીકીની જગ્યાના સપ્રમાણમાં ભોગવવાનો રહેશે. તથા તેનો વહીવટ સદર યોજનાના ડેવલોપર્સે અને/અથવા ડેવલોપર્સ દ્વારા માન્ય/આયોજીત એસોસીએશને કરવાનો છે. તેવી સ્પષ્ટતા અને સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ અમો બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળાને લખી આપેલ છે. વધુમાં, ઉપર જણાવેલ કુલ વેચાણ કિંમતમાં ડેવલોપર્સ દ્વારા કરવામાં આવનાર આંતરીક સુવિધાઓ પેટેના ડેવલોપમેન્ટ ચાર્જીસ તથા તેના જાળવણી-નીભાવણી માટેના મેઈન્ટેનન્સ ચાર્જીસ વિગેરે તેમજ મ્યુ.કોર્પો. કે બીજા કોઈપણ સરકારી કે અર્ધ સરકારી કચેરીઓ તથા ખાનગી સંસ્થાના વખતો વખતના ટેક્ષ, લાગત, ચાર્જીસ, આયકર વિભાગ કે અન્ય સરકારી કાયદા હેઠળ ભરવા પડતાં તમામ ટેક્ષ જેવાં કે સર્વિસ ટેક્ષ, જી.એસ.ટી., વેલ્થ ટેક્ષ વિગેરેનો સમાવેશ કરવામાં આવેલ નથી. જે તમો એકતરફવાળાએ જે તે વખતે અમો ત્રીજીતરફવાળાની સુચનાથી સમયસર અલગથી ચુકવવાનો છે તથા મેઈન લાઈનમાંથી મિલ્કતમાં પાણી, ગટર લાઈન તથા વિદ્યુત કચેરીમાં જે કાંઈ અલગથી રકમ ભરવાની થાય તો તે તમો એકતરફવાળાએ ઈલાયદી ભરવાની છે અને રહેશે. તેવી સ્પષ્ટ શરત અને સમજુતી સાથે સદર વેચાણ દસ્તાવેજ અમો બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળાને કરી આપેલો છે.

૭. સદરહું જમીન પર જે યોજના મુકવામાં આવેલી છે તે **"NAND ICON"** ના નામથી ઓળખાશે અને સદરહું યોજનાના નામમાં ફેરફાર કરવા-કરાવવા અંગે Shop/Flat વેચાણ રાખનારને કોઈ હક્ક કે અધિકાર નથી તથા સદર યોજનાના તમામ સભાસદો ભેગા મળી કોઈ વિકાસ મંડળ કે એસોશીએશન કે એ.ઓ.પી ની રચના કરે તો તેમાં તમો વેચાણ લેનાર/રાખનારે ફરજીયાત પણે સભાસદ થવાનું છે. અને તે અંગે જરૂરી દાખલ ફી તથા વરાડે પડતા ખર્ચની રકમ જરૂર પડે ત્યારે તે ફરજીયાત આપવાની રહેશે. સદરહું જમીનમાં બાંધકામ કરવા અંગે વડોદરા મહાનગરપાલિકામાંથી મંજુર કરેલા નકશા મુજબ દર્શાવેલ કોમન પ્લોટ, કોમન રસ્તા વિગેરે તેમજ સામુહિક વપરાશની તમામ ચીજ વસ્તુઓનો વાપર, ઉપભોગ, ઉપયોગ સદરહું યોજનાના તમામ સભાસદો/મેમ્બર્સે વ્યવસ્થિત રીતે સહીયારો કરવાનો છે. તેમજ તેનો નિભાવણી, મરામત તથા નવીન બનાવવા અંગેનો તમામ ખર્ચ વિગેરે સદરહું યોજનાના તમામ સભાસદો/મેમ્બર્સે વરાડે પડતો ભોગવવાનો છે. તેવી સ્પષ્ટ શરત સાથે સદર

વેચાણ દસ્તાવેજ અમો બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળાને કરી આપેલો છે.

૮. સદરહું યોજના માટેના વડોદરા મહાનગરપાલિકામાં મંજુર કરાવેલ નકશા મુજબ આયોજન કરવામાં આવેલ યોજનામાં જવા–આવવાના આંતરીક રસ્તામાંથી કે બીજાના માર્જીનમાંથી પસાર થતી ઈન્ટરનલ સહીયારી ડ્રેનેજ લાઈન, સ્ટ્રીટ લાઈટની લાઈનો લાવવા–લઈ જવા તેનો વાપર, ઉપયોગ સહીયારી રીતે કોઈને અડચણ કે અંતરાય ન પડે તે રીતે કરવાનો છે અને ભવિષ્યમાં તેનો જરૂરી રીપેરીંગ, મરામત ખર્ચ ખામીયુક્ત લાઈનવાળા જે તે સભ્યએ જ કરવાનો છે અને તે અંગે આજુબાજુના તમામ સભાસદોએ જરૂરી તમામ સાથ અને સહકાર કોઈપણ જાતનો વાંધો લીધા સિવાય આપવાનો છે. સદર યોજના માટે તથા રોડ–રસ્તા સાથેની તમામ સુવિધા માટે ડેવલોપર્સે કરેલા આંતરીક ફેરફારો તથા યોજનાની તમામ શરતો યોજનાના તમામ સભ્યોએ માન્ય રાખવાના રહેશે. તે બાબત કોઈપણ સભ્યોએ કોઈપણ જાતનો વાંધો કે તકરાર ઉઠાવવાની નથી કે તકરાર કરવાની નથી. તેવી સ્પષ્ટ શરત સાથે આ વેચાણ દસ્તાવેજ કરવામાં આવે છે.

૯. સદરહું જમીનમાં બાંધકામ અર્થે મંજુર થયેલા નકશા કે જે વડોદરા મહાનરગપાલિકાએ મંજુર કરેલા છે તે મુજબ જ સદર મિલ્કતનું બાંધકામ કરવામાં આવેલ છે અને તે તમો એકતરફવાળાએ ચકાસેલ છે. તેમાં દર્શાવ્યા મુજબ ખુલ્લી જમીન કોઈ પણ પ્રકારે અંગત માલીકી હક્કે માંગ્યા સીવાય કાયમને માટે ખુલ્લી રાખવા તમો લખી લેનાર/એકતરફવાળા તથા અન્ય યુનીટ વેચાણ લેનારા સહ હીસ્સેદાર તરીકે બંધાયેલાં રહેશે. અને સદર લેખથી સ્થળ સ્થિતી માપ પ્રમાણેની **“NAND ICON”** નામની યોજના પૈકીની મિલ્કત તમોને વેચાણ આપેલ હોઈ યોજનાની ખુલ્લી જમીનમાં કે અન્ય કોઈ પણ બાંધકામમાં પોતાનો આગવો ભાગ જુદો પાડી શકશો નહી કે માલીકી માંગી શકશો નહી. અને તમો લખી લેનારને આથી વેચાણ આપેલ મિલ્કત તમો લખી લેનાર અન્ય કોઈને વેચાણ આપો તો સદર આ લેખની તમામ શરતો માન્ય રખાવી તેને આધીન રહેવાની સ્પષ્ટતા સાથે જ વેચાણ આપી શકશો અને આપવાની રહેશે. સદર યોજનાના આયોજકો દ્વારા જરૂરીયાત મુજબની સુવીધાઓ માટે કરેલાં/કરેલ/થનાર ફેરફારો યોજનાના તમામ યુનીટ વેચાણ લેનારાઓએ માન્ય રાખવાના રહેશે. તે અંગે અન્ય કોઈપણ યુનીટ વેચાણ લેનારાઓએ હાલમાં કે ભવિષ્યમાં કોઈ પણ જાતનો વાંધો કે તકરાર કરવા–કરાવવાની રહેશે નહીં. સદર યોજનાના કોમન પ્લોટ ઉપર કોઈ પણ યુનીટ વેચાણ લેનારાઓની અંગત માલીકી રહેશે નહીં કે માંગી શકશે નહી. તેવી સ્પષ્ટતા અને સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે. પરંતુ, સદર યોજનાનું બી.યુ. પરમીશન આવી ગયા બાદ વધારાની એફ.એસ.આઈ., કોમન એરીયા વિગેરે ઉપર પ્રમોટરનો કોઈપણ જાતનો હક્ક હિસ્સો રહેશે નહિં. તેનો સંપુર્ણ હક્ક હિસ્સો સોસાયટીનો કે એસોશીયેશનનો રહેશે.

૧૦. સદરહું તમો એકતરફવાળાને વેચાણ આપેલ આ સાથેના પરીશીષ્ટમાં જણાવેલ વર્ણનવાળી મિલ્કત અમો લખી આપનાર બીજીતરફવાળાની સંયુક્ત માલીકી કબજા ભોગવટાની છે અને તેમાં અમો બીજીતરફવાળા/જમીન માલિક તથા સંમતી આપનાર/ત્રીજીતરફવાળા સિવાય બીજા કોઈનો કોઈપણ જાતનો લાગ, ભાગ, હક્ક, હિત, સબંધ કે અધિકાર નથી. તેમજ તે અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ, બાનાખત કે તેવા કોઈપણ પ્રકારના લેખથી લખી આપેલી નથી. તેમજ તે વેચાણ આપવાનો અમોને સંપુર્ણ હક્ક અને અધિકાર

છે. તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપીને સદર પરીશીષ્ટમાં જણાવેલ વર્ણનવાળી મિલ્કત સદર વેચાણ દસ્તાવેજથી તમો લખી લેનાર/એકતરફવાળાને વેચાણ આપેલ છે. તેમજ સદર મિલકતના આપેલ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ મુજબ ટાઈટલ ચોખ્ખા અને કલીયર માર્કેટેબલ છે. તેમજ તમો એકતરફવાળાએ સદરહું યોજનાના ટાઈટલ તમારા વકીલ મારફતે જોવડાવી ચકાસી લીધેલ છે. તેવીજ રીતે તમો એકતરફવાળાએ વેચાણ રાખેલ પરિશીષ્ટવાળી મિલ્કત અંગે તેમજ અમો બીજીતરફવાળાની માલિકીની જમીન અંગે તથા તેમાં થયેલ બાંધકામ તથા અન્ય સવલતો–સગવડો અંગે ત્રીજીતરફવાળા દ્વારા સંપુર્ણ માહિતી આપવામાં આવેલ છે. તેમજ સદર યોજનાને લગતા તમામ દસ્તાવેજી કાગળો તમો એકતરફવાળાએ તમારા વકીલ પાસે જોવડાવી, ચકાસી લીધેલ છે અને તે બાબત સંપુર્ણ સંતોષ મળ્યેથી તથા સદરહું મિલ્કતની સ્થળ સ્થિતી, માપ તથા ગુણવતા બાબતનો સંપુર્ણ સંતોષ મળ્યેથી તમો એકતરફવાળાએ સદર પરિશિષ્ટવાળી મિલ્કત વેચાણ રાખેલ છે. આમ, હવેપછીથી સદરહું પરિશીષ્ટવાળી મિલ્કતની બાંધકામની ગુણવત્તાની તથા તેમાં વાપરવામાં આવેલ મટીરીયલ્સ અને સ્ટ્રકચર ડીઝાઈન, તેમજ સ્થળ–સ્થિતી મુજબની માપણી વિગેરે બાબત તમો એકતરફવાળાની કોઈ તકરાર રહેતી ન હોઈ તેવી તમો એકતરફવાળાએ બાંહેધરી આપતા અમો બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળાને સદર વેચાણ દસ્તાવેજ કરી આપેલો છે.

૧૧. તમો એકતરફવાળાને વેચાણ આપેલ મિલ્કતનો કબજો સુપ્રત કર્યાના ૫ વર્ષના સમયગાળા દરમ્યાન મિલ્કત અથવા "NAND ICON" માં કોઈ સ્ટ્રકચરલ ખામી/ઉણપ અથવા કામની ગુણવત્તા તથા કારીગરી અથવા સેવાની જોગવાઈ અંગેની કોઈ ખામી તમો એકતરફવાળા ત્રીજીતરફવાળાની ધ્યાને લાવો અને તે ખામી એકતરફવાળાને લીધે ઉત્પન્ન થયેલ ન હોય તો ત્રીજીતરફવાળાએ શકય હોય ત્યાં સુધી તેવી ખામી દુર કરી આપવાની રહેશે. પરંતુ, તેવી ખામીઓ માટે ત્રીજીતરફવાળાને જવાબદાર ઠેરવી શકાય તેમ ન હોય અથવા તેવી ખામીઓ માટેનું કારણ ત્રીજીતરફવાળાના નિયંત્રણ બહાર હોય અથવા તેવી ખામી તમો એકતરફવાળાને લીધે અથવા તમો એકતરફવાળા સદર મિલ્કતમાં કોઈપણ પ્રકારનું બાંધકામ કરો–કરાવો અથવા ફર્નીચર બનાવવાનું કાર્ય કરો–કરાવો તો તેના કારણે સદર મિલ્કતના બાંધકામને નુકશાન થાય કે કોઈ કુદરતી કારણોસર સદર મિલ્કતના બાંધકામને નુકશાન થયેલ હોય તો તેવી કોઈપણ માળખાગત ખામી/ઉણપ, કારીગરી, સેવાની જોગવાઈ અંગેની ગુણવત્તા અથવા કામની ગુણવત્તા અંગેની ખામી કે અન્ય રીતની ખામી તથા એકતરફવાળા કે તેઓના થકીના કોઈપણ ઈસમ દ્વારા ખામી ઉત્પન્ન થયેલ હશે તો ત્રીજીતરફવાળા એકતરફવાળાને વળતર ચુકવી આપવાપાત્ર બનશે નહિં કે તેવી ખામી પોતાના ખર્ચે દુર કરવાની ત્રીજીતરફવાળાની કોઈ જવાબદારી રહેશે નહિં. ત્રીજીતરફવાળા દ્વારા એકતરફવાળાને સ્વતંત્ર/સંયુક્ત રીતે તથા બાકીના તમામ સભાસદોના સહિયારા વપરાશ માટે આપવામાં આવેલ સેવા, એમેનીટીઝ, કોમન ફેસીલીટીઝની જાળવણી એકતરફવાળાએ વ્યક્તિગત રીતે તથા તમામ સભાસદોએ સાથે મળી કરવા–કરાવવાની રહેશે. જે અંગે વરસો–વરસ જરૂરી એવા વાર્ષીક મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટ આપી મરામત કરાવવાની રહેશે.

૧૨. તમો એકતરફવાળાને વેચાણ આપેલ મિલ્કતનો સદર વેચાણ દસ્તાવેજ થઈ ગયા બાદ યુનીટ વેચાણ રાખનાર મેમ્બર્સ/સભ્ય/સભાસદે તેણે વેચાણ રાખેલ રહેણાંક યુનીટનો ઉપયોગ રહેણાંક હેતુ માટે જ કરવાનો છે. એટલે કે રહેણાંક

યુનીટનો ઉપયોગ કોમર્શિયલ હેતુ માટે કરી શકાશે નહિં. સદર **"NAND ICON"** એ નામની યોજનાનુ આયોજન વડોદરા મહાનગરપાલિકા તરફથી તા. ૧૮–૦૮–૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ વિકાસ પરવાનગી/રજાચિઠ્ઠી નં. વોર્ડ–૬/SHB-૪૪/૨૦૨૧–૨૦૨૨ મુજબ કરવામાં આવેલ છે અને તે રજાચીઠ્ઠી લગત મંજુર થયેલ નકશામાં બતાવ્યા મુજબ સદરહું **"NAND ICON"** નામની યોજનામાં યુનીટ વેચાણ રાખનાર મેમ્બર્સ/સભ્ય/સભાસદોએ તેઓએ વેચાણ રાખેલ યુનીટમાં આવેલ પાર્કીગની જગ્યામાં જ પોતાના વાહનો અન્ય કોઈનિ અડચણ ન પડે તે રીતે પાર્ક કરવાના છે અને રહેશે. તેવી સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ તમો એકતરફવાળાને કરી આપેલો છે. જેમાં એકતરફવાળા સંમત થયેલા છે.

૧૩. સદર વેચાણ દસ્તાવેજની કોઈપણ જોગવાઈ ઉક્ત અધિનીયમ અથવા તે હેઠળ ઘડવામા આવેલા નિયમો અને વિનિયમો હેઠળ અથવા લાગુ પાડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર નક્કિ કરવામાં આવે તો આવી જોગવાઈઓ સદર વેચાણ દસ્તાવેજના હેતુ સાથે અસંગત હોય તેટલા પુરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂર હોય તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી અથવા રદ થયેલી ગણાશે અને સદર વેચાણ દસ્તાવેજની બાકીની જોગવાઈઓ આ વેચાણ દસ્તાવેજના અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

૧૪. સદર પરિશીષ્ટવાળી મિલ્કત તથા તેમાં થયેલ સંપુર્ણ બાંધકામ તમો એકતરફવાળાએ જોઈ, તપાસી લીધેલ છે અને તેની ચકાસણી કર્યા બાદ તમો એકતરફવાળાને સંપુર્ણ સંતોષ મળયેથી અને તમો એકતરફવાળાના કહેવાથી તથા સંમતીથી અમો બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળાએ તમો એકતતરફવાળાને સદર વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવેલ છે અને સદર વેચાણ દસ્તાવેજ આધારે વેચાણ આપેલ મિલ્કતનો કબજો તમો એકતરફવાળાને સુપ્રત કરેલો છે. પરંતુ, સદર વેચાણ આપેલ મિલ્કતનો કબજો લેવામાં તમો એકતરફવાળાથી ચુક થાય કે તમો એકતરફવાળા કબજો લેવામાં નિષ્ફળ જાવ તો તેવા સંજોગોમાં તમો એકતરફવાળા લાગુ પડતા મેઈન્ટેનન્સ ચાર્જીસ અમો ત્રીજીતરફવાળાને ચુકવવા બંધાયેલા છો અને રહેશો. તેવી સ્પષ્ટતા અને સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ તમો એકતરફવાળાને લખી આપેલો છે.

૧૫. સદરહું પરીશીષ્ટવાળી મિલ્કત અંગે વેચાણ દસ્તાવેજની તારીખ પછીના સમયના તમામ વેરા, મહેસુલ, શિક્ષણ ઉપકર વિગેરે ભરવાની જવાબદારી તમો એકતરફવાળાની જ છે અને રહેશે.

૧૬. સદર યોજનાના અવિભાજ્ય કોમન એરીયાનો ઉપયોગ કરવાની સત્તા સદર યોજનામાં બનાવવામાં આવેલ જે તે એસોસીએશનને રહેશે તથા કાયદાકીય જોગવાઈ અનુસાર જે તે એસોસીએશનના નામે જે કોઈ દસ્તાવેજી પુરાવા કરવા પાત્ર હશે તે અમો એકતરફવાળા કરી આપીશું.

૧૭. વધુમાં, સદર "NAND ICON" નામની યોજનાનું The Real Estate (Regulation and Development) Act, 2016 મુજબ નિયમનકારી સત્તા મંડળ સમક્ષ નોંધણી કરાવવા અંગે રજુ કરેલ ______ રજી. બાનાખત નં. _______ તા. _________ ના રોજ કરેલ છે તેમાં જણાવેલ તમામ શરતો તથા નિયમો સદર યોજનામાં યુનીટ વેચાણ રાખનાર તમામ સભ્યો/મેમ્બર્સોને તથા પ્રમોટર્સને બંધનકર્તા છે અને રહેશે.

પ્રમોટર આથી એવી સ્પષ્ટતા તેમજ જાહેર કરે છે કે બી.યુ.પી (વસવાટ નું પ્રમાણપત્ર) મળેથી ભવિષ્ય ની મળવા પાત્ર કોઈપણ એફએસઆઈ અને ટેરેશ ના હક માં પ્રમોટર નો કોઈ હિસ્સો રહેતો નથી અને આવી જે કોઈ ભવિષ્યમાં એફએસઆઈ મળે તો તેના હકકરદાર તમો એસોસીએસન ઓફ એલોટી ની એટલે કે સોસાયટી ની રહેશે .

૧૮. **વિવાદનું નિરાકણ (Dispute Resolution) :** આપણે પક્ષકારો વચ્ચેના કોઈપણ વિવાદનું સુમેળથી નિરાકરણ લાવવાનું રહેશે. જો કોઈપણ સંજોગોમાં કોઈ વિવાદનું નિરાકરણ સુમેળથી ન લાવી શકાય તો The Real Estate (Regulation and Development) Act, 2016 મુજબ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમોની જોગવાઈઓ હેઠળ તેના સત્તા મંડળને મોકલવાની રહેશે.

૧૯. સદર યોજનાની The Real Estate (Regulation and Development) Act, 2016 મુજબ નિયમનકારી સત્તા મંડળ સમક્ષ નોંધણી કરાવેલ છે. જેનો રજી. નં. PR/GJ/VADODARA/VADODARA/Others/________/________ થી તા. ___________ ના રોજ આપવામાં આવેલ છે.

પરીશીષ્ટ
વેચાણ આપેલ મિલ્કતનુ વર્ણન

રજી. ડીસ્ટ્રીકટ વડોદરા, સબ ડીસ્ટ્રીકટ વડોદરાના મોજે–બીલની સીમનાં બ્લોક/સરવે નં. ૫૩૧ વાળી જમીન આવેલી છે. જેનો જુનો સર્વે નં. ૭૨૩ છે. જેનો ખાતા નં. ૩૬ છે. જેનું ગામ નમુના નં. ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ ૦–૭૬–૮૯ હે–આરે–ચો.મી. એટલે કે ૭,૬૮૯ ચો.મી. છે. જેનો સુચિત ટી. પી. સ્કિમ નં. ૨૭/એ માં સમાવેશ થતાં ફા. પ્લોટ નં. ૬૬ ફાળવવામાં આવેલો છે. તે ફા. પ્લોટ નં. ૬૬ મુજબ સદર જમીનનું માપ ૪,૬૧૩ ચો.મી. છે. તે જમીનમાં **"NAND ICON"** એ નામથી રહેણાંક અને કોમર્શીયલ યોજનાનું આયોજન કરેલું છે. સદર **"NAND ICON"** નામની રહેણાંક અને કોમર્શીયલ યોજનામાં **Tower No. ______** માં **_____ Floor** માં આવેલ **Shop/Flat No. ____ વાળી મિલ્કત, જેનું કાર્પેટ એરીયાનું માપ _ _____ ચો.મી. છે, તેની બાલ્કનીનું માપ ______ ચો.મી. તથા તેના વોશ એરીયાનું માપ _____ ચો.મી. છે અને તેની સાથેની ખુલ્લી ટેરેશનું માપ _____ ચો.મી. છે. તેને વરાંડે પડતી વણવહેંચાયેલ જમીનનું માપ _____ ચો.મી. છે.** તે **Shop/Flat No.** વાળી મિલ્કત સંપુર્ણ બાંધકામ સાથે અમો બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળાને સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલી છે. જેની ચતુ: સીમાં નીચે મુજબ છે.

પૂર્વે :
પશ્ચિમે :
ઉત્તરે :
દક્ષિણે :

<u>**મિલ્કતનો ફોટોગ્રાફ**</u>

મિલ્કતનું પોષ્ટલ સરનામું : Shop/Flat No. _____, Tower No. __, ____ Floor, "NAND ICON", બીલ, વડોદરા.

મિલ્કત વેચાણ આપનાર

સંમંતી આપનારની સહી

મિલ્કત વેચાણ લેનારની સહી

આ વેચાણ દસ્તાવેજ અમો બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળાને અમારી રાજી–ખુશીથી, અક્કલ હોંશીયારીથી, બીનકેફ અવસ્થામાં, વાંચી, વંચાવી, સમજી, વિચારી, કોઈપણ જાતની ધાક, ધમકી કે દબાણ વગર કરી આપેલો હોઈ, તે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો, ઈત્યાદીને કબુલ મંજુર તથા બંધનકર્તા રહેશે.

____

એકતરફવાળા/વેચાણ લેનાર

____

(૧) વ્યાસ બાલુભાઈ ધીરજરામ

____

(૨) વ્યાસ અશ્વિનકુમાર ધીરજરામ

____

(૩) વ્યાસ નિરંજનાબેન બાલુભાઈ

____

(૪) વ્યાસ દેવાંગભાઈ બાલુભાઈ

____

(૫) વ્યાસ રાજેશભાઈ બાલુભાઈ

____

(૬) વ્યાસ ધર્મિષ્ઠાબેન ભાલચંદ્ર

____

(૭) વ્યાસ જીગ્નેશભાઈ ભાલચંદ્ર

____

(૮) વ્યાસ જૈમીનકુમાર ભાલચંદ્ર
જમીન માલિકની સહી
વેચાણ આપનાર/બીજીતરફવાળા

____

રાજુભાઈ નાનુભાઈ ભરવાડ
તે Shreedhar Developers નામના ધંધાના પ્રોપરાઈટર/માલિક
સંમતી આપનાર/ત્રીજીતરફવાળા

<u>સાક્ષીઓની સહી</u>
૧_______________
૨_______________

રજીસ્ટ્રેશન એકટ–૧૯૦૮ મુજબ સેકશન ૩૨–એ પ્રમાણે શીડ્યુલ

એકતરફવાળા/વેચાણ લેનાર

---

(૧) વ્યાસ બાલુભાઈ ધીરજરામ

---

(૨) વ્યાસ અશ્વિનકુમાર ધીરજરામ

---

(૩) વ્યાસ નિરંજનાબેન બાલુભાઈ

---

(૪) વ્યાસ દેવાંગભાઈ બાલુભાઈ

---

(૫) વ્યાસ રાજેશભાઈ બાલુભાઈ

---

(૬) વ્યાસ ધર્મિષ્ઠાબેન ભાલચંદ્ર

---

(૭) વ્યાસ જીગ્નેશભાઈ ભાલચંદ્ર

---

(૮) વ્યાસ જૈમીનકુમાર ભાલચંદ્ર
જમીન માલિકની સહી
વેચાણ આપનાર/બીજીતરફવાળા

રાજુભાઈ નાનુભાઈ ભરવાડ
તે Shreedhar Developers નામના ધંધાના પ્રોપરાઈટર/માલિક
સંમતી આપનાર/ત્રીજીતરફવાળા

દસ્તાવેજ નં. __________, તા.   –   –૨૦૨૧

::પરિશિષ્ટ::

નોંધણી અધિનિયમ–૧૯૦૮ ની કલમ–૩૪ ની પેટા કલમ–૩ મુજબનું ચેકલીસ્ટ

અ. નં.	લખી આપનાર કે તેઓના કુ.મુ. તથા સંમતિ આપનારને પુછવાના પ્રશ્ન	જવાબ (હા કે ના)
૧	લેખમાં દર્શાવ્યા મુજબ રજી. ડીસ્ટ્રીકટ વડોદરા, સબ ડીસ્ટ્રીકટ વડોદરાના મોજે બીલ ની સીમનાં બ્લોક/સરવે નં. ૫૩૧, જુનો સર્વે નં. ૭૨૩, ખાતા નં. ૩૬, ટી. પી. સ્કિમ નં. ૨૭/એ, ફા. પ્લોટ નં. ૬૬ વાળી બીનખેતીની જમીનમાં આયોજીત "NAND ICON" નામની યોજનામાં **Tower No.** _____ માં _______ **Floor** વાળી મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે ?	હા
૨	લેખમાં દર્શાવ્યા મુજબ સદર **Shop/Flat No.** _____ વાળી મિલ્કત, **જેનું કાર્પેટ એરીયાનું માપ _________ ચો.મી. છે, તેની બાલ્કનીનું માપ _________ ચો.મી. તથા તેના વોશ એરીયાનું માપ _____ ચો.મી. છે અને તેની સાથેની ખુલ્લી ટેરેશનું માપ ____ ચો.મી. છે. તેને વહેંચે પડતી વણવહેંચાયેલ જમીનનું માપ ______ ચો.મી. છે.** તે મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે ?	હા
૩	લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ મળેલ છે ?	હા
૪	લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને સમજી, વિચારીને તમે પોતે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો ?	હા
૫	પાવર ઓફ એટર્ની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે ?	હા
૬	પાવર ઓફ એટર્નીના લેખમાં પાવર ઓફ એટર્ની આપનાર વ્યક્તિ/ઓએ સહી/અંગુઠાનું નિશાન કરેલ છે ?	હા
૭	પાવર ઓફ એટર્નીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમાં છે ?	હા
૮	ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યક્તિઓ સાથે લાવ્યા છો ?	હા

ઓળખાણ આપનારને પુછવાના પ્રશ્ન

૧	દસ્તાવેજ લખી આપનાર વ્યક્તિ/ઓ કે જેઓએ કબુલાત આપી છે તેઓને તમે જાતે ઓળખો છો ?	હા
૨	દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યક્તિ/ઓ એક જ છે ?	હા
૩	કોઈ વ્યક્તિએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો ?	હા

લખી આપનાર કે તેઓના કુ.મુ. ની સહી **ઓળખાણ આપનારની સહી**

_________________________ _________________________

સંમતી આપનારની સહી _________________________

____